મતદાર નોંધણી અધિકારી, ૧૬૭- સુરત પશ્ચિમ વિધાનસભા મતવિભાગ અને
નાયબ કલેક્ટર અને ખાસ ફરજ પરના અધિકારી જી.આઈ.ડી.સી, (સંપાદન), સુરત
સરનામું:- મામલતદાર સુરત શહેર અડાજણની કચેરી, બીજો માળ, જુની કલેક્ટર કચેરી, નાનપુરા, સુરત
email:- ro167suratwest@gmail.com ફોન- (૦૨૬૧) ૨૪૭૨૧૫૮

નં.મતય/મતદાર યાદી ખાસ ઝુંબેશ/વશી-૨૦૨૦ તા. ૦૩/૧૧/૨૦૨૦

પ્રતિ

[૧] જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા સેવા સદન-૨
અઠવાલાઈન્સ, સુરત

[૨] શાસનાધિકારીશ્રી, નવસારી બજાર ચાર રસ્તા, સંઘાડીયાવાડ, સુરત

વિષય:- તા. ૦૧/૦૧/૨૦૨૧ ની લાયકાતની તારીખના સંદર્ભમા મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત આપની શાળા/સંસ્થા ખુલ્લી રાખવા બાબત.

સંદર્ભ:- [૧] સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત રાજ્યની કચેરીના પત્ર નં.ઈએલઆર-૧૪૨૧/૯૬(૨) છ તા. ૦૧/૧૧/૨૦૨૦

[૨] મામલતદારશ્રી ચૂંટણી, સુરતના તા. ૦૨/૧૧/૨૦૨૦ ના પત્ર ક્રમાંક ચટણ-૩/મતદાર યાદી/ખાસ ઝુંબેશ/૨૦૨૦ તા. ૦૨/૧૧/૨૦૨૦

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૦૧/૦૧/૨૦૨૧ ની લાયકાતની તારીખનાં સંદર્ભમાં ફોટાવાળી મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાની કામગીરી તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજથી શરૂ થનાર છે, મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે તા. ૨૨/૧૧/૨૦૨૦ (રવિવાર), તા. ૨૯/૧૧/૨૦૨૦ (રવિવાર), તા. ૦૬/૧૨/૨૦૨૦ (રવિવાર) અને તા. ૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર) ના દિવસોને ખાસ ઝુંબેશના દિવસો તરીકે યોજવા નક્કી કરવામાં આવેલ છે, જેથી સદર કાર્યક્રમ અંતર્ગત બુથ લેવલ ઓફીસરે તેઓના મતદાર મથક ઉપર નક્કી કરવામાં આવેલ તારીખ અને સમયે તા. ૦૧/૦૧/૨૦૨૧ ની લાયકાત ધ્યાને લઈને નવા મતદારોના ફોર્મ ૬ તથા સુધારા વધારા, કમી કરવા માટેના ફોર્મ ૭, ૮ તથા ૮-ક ભરવા અંગેની ખાસ ઝૂંબેશ રૂપેની કાર્યવાહી તેઓના મતદાન મથક ઉપર તા. ૨૨/૧૧/૨૦૨૦ (રવિવાર) તા. ૨૯/૧૧/૨૦૨૦ (રવિવાર), તા. ૦૬/૧૨/૨૦૨૦ (રવિવાર) અને તા. ૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર) આમ કુલ ૪ રવિવાર ના દિવસે હાથ ધરવામાં આવનાર છે, જેથી આ કામગીરી સબંધીત ખાનગી સ્કુલ/કોલેજના આચાર્યશ્રી તથા સરકારી સ્કુલના આચાર્યશ્રી તથા સરકારી કચેરીના અધિકારીશ્રીને તેઓનું મતદાન મથક જણાવેલ સમયે અને તારીખે ખુલ્લા રહે તે રીતેનું આયોજન સુનિશ્ચિત કરવા વિનંતી છે.

મતદાર નોંધણી અધિકારી
૧૬૭-સુરત પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગ
અને નાયબ કલેકટર અને ખાસ ફરજ પરના અધિકારી
જી.આઈ.ડી.સી (જમીન સંપાદન) સુરત

---

જા.નં/મા-૨/મતય/ઝુંબેશ દિવસ/૨૦૨૦/ ૧૨૦૫૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨, બી-૩
અઠવાલાઇન્સ, સુરત.
તા.૨૧/૧૧/૨૦૨૦

આચાર્યશ્રી,
૧૬૭-સુરત પશ્ચિમ વિધાનસભા મતવિભાગની શાળાઓ તરફ.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત